અપીલ અરજી નં.૧૨૬/૨૦૦૮–૦૯

અરજદાર: શ્રી ધર્મેશભાઈ ચંદુભાઈ માટલીવાલાની
સામાવાળા: ડે.કમિશ્નર(હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોન

***હુકમ:–***

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ધર્મેશભાઈ ચંદુભાઈ માટલીવાલાની તા.૨૪–૬–૦૮ ની અરજીથી મોજે આંજણા ભાઠેના સોસાયટીમાં આવેલ પુષ્પાનગર કો.ઓ.હાઉસીંગ સોસાયટી વિભાગ–૧, વિભાગ–૨ માં પાડવામા આવેલ પ્લોટમાં માર્જીનવાળા પ્લોટમાં ગેરકાયદેસર બાંધકામ કરવા બાબત કાર્યવાહી હાથ ધરવા બાબત.

***સંદર્ભ :***– મ.જાહેર માહિતી અધિકારી સા.ઈ.ઝોન કચેરીના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૧૯૮૭ તા.૧૩–૮–૦૮ થી તબદીલ થયેલ અરજદાર મજકુરની તા.૭–૮–'૦૮ ની અપીલ અરજી નં.૧૨૬/૨૦૦૮–૦૯

શ્રી ધર્મેશભાઈ ચંદુભાઈ માટલીવાલાની તા.૨૪–૬–૦૮ ની અરજીથી મોજે આંજણા ભાઠેના સોસાયટીમાં આવેલ પુષ્પાનગર કો.ઓ.હાઉસીંગ સોસાયટી વિભાગ–૧, વિભાગ–૨ માં પાડવામા આવેલ પ્લોટમાં માર્જીનવાળા પ્લોટમાં ગેરકાયદેસર બાંધકામ કરવા બાબતે કાર્યવાહી હાથ ધરવા અંગે ડે.કમિશ્નર(હે અને હો) અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૧૭૫૩ તા.૨૯–૭–૦૮ થી આપેલ જવાબ સંતોષકારક નથી. તેવા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૭–૮–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૪૫ તા.૨૫–૮–૦૮ થી ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી અત્રેના વિભાગને કોઈ વિશેષ માહિતી મળેલ નથી. પરંતુ અરજદારને પાઠવેલ માહિતી પત્રોની નકલો મળેલ છે.

અરજદારે આરટીઆઈ એકટ હેઠળ ગેરકાયદેસર માર્જીન બાંધકામ બાબતેની ફરીયાદ અરજી કરેલ છે. જે અંગે ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સા.ઈ.ઝોન/મેહકમ/૧૫૮૨ તા.૧૫–૭–૦૮ થી આકારણી વિષયક સંદર્ભે તથા સા.ઈ.ઝોન/મહેકમ/૧૭૫૩ તા.૨૯–૭–૦૮ ના રોજ ગેરકાયદેસર બાંધકામ અને દબાણ વિષયક અરજદારને જવાબ પાઠવવામાં આવેલ છે આ રીતે અરજદારને મુળ અરજી સબંધે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. વધુમાં તા.૧૦–૭–૦૮ ના રોજ ડીમોલેશન કરવામાં આવેલ છે અને સમયાંતરે દબાણો દુર કરવામાં આવેલ છે તેવું પણ અરજદારને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સદર પત્રમાં જણાવવામાં આવેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૪–૬–૦૮ની અરજીથી કોઈ સ્પષ્ટ માહિતી માંગવામાં આવેલ નથી પરંતુ કાર્યવાહી હાથ ધરવા જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી વિગતો પૂરી પાડવામાં આવેલ છે આથી માહિતી બાબતે કોઈ માહિતી પૂરી પાડવાની રહેતી ન હોઈ હુકમ કરવાનો રહેતો નથી. તેમ છતાં અરજદાર કાર્યવાહી બાબતેની રજુઆતો અંગે સક્ષમ સત્તાને રજુઆત કરવા સ્વતંત્ર છે. "

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૯ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧)ડે.કમિશ્નર (હેઅનેહો)અને જાહેર માહિતી અધિકારી, લીંબાયત ઝોન,...... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ધર્મેશભાઈ ચંદુભાઈ માટલીવાલા,